<u>પ્રસારભારતી</u>

<u>આકાશવાણી, અમદાવાદ.</u>

તારીખ - ૧૬-૦૫-૨૦૧૨                    સમય - બપોરે ૨-૨૦ થી ૨-૨૫

.........

પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહનસિંહે આજે લોકસભામાં એવી હૈયાધારણ આપી હતી કે ૧૨મી પંચવર્ષીય યોજના દરમ્યાન કૃષિ ક્ષેત્રે ૪ ટકાનો અપેક્ષિત વિકાસ દર હાંસલ કરવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવશે.

પ્રશ્નોત્તરી સમય દરમ્યાન દરમ્યાનગીરી કરતાં ડો. સિંઘે જણાવ્યું હતું કે યોજનાના લક્ષ્યાંકો પૂર્ણ કરવા માટે પૂરતાં સંસાધનો ઉપલબ્ધ કરવામાં આવશે.

કેન્દ્રના આયોજન રાજ્યમંત્રી શ્રી અશ્વિનકુમારે જણાવ્યું હતું કે અર્થતંત્રનો સંતુલિત વિકાસ થાય તે આ યોજનાનો ઉદ્દેશ્ય છે.

.................

ચાલુ વર્ષે ખરીદ-વેચાણ સીઝનમાં દેશમાં અત્યાર સુધીની વિક્રમજનક ૨૯.૨૨ મીલીયન ટન ઘઉંની પ્રાપ્તિ કરવામાં આવી છે.

ભારતીય અન્ન નિગમ દ્વારા એકત્ર કરાયેલી માહિતી મુજબ વર્ષ ૨૦૧૨-૧૩ની ખરીદ-વેચાણ સીઝનમાં ગયા સોમવાર સુધીમાં ૨૪ ટકાથી વધુ એટલેકે ૨૯.૨૨ મીલીયન ટન ઘઉં ખરીદવામાં આવ્યા હતા. ગયા વર્ષના આ જ સમયગાળા દરમ્યાન ૨૩.૪૯ મીલીયન ટન ઘઉં પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. જે ૫.૭૩ મીલીયન ટનનો વધારો દર્શાવે છે.

વિશ્વમાં ઘઉંના ઉત્પાદન ક્ષેત્રે બીજા નંબરનું સ્થાન ધરાવતા ભારત દેશમાં ૨૦૧૧-૧૨ના વર્ષ દરમ્યાન વિક્રમજનક ૯૦.૨૩ મીલીયન ટન ઘઉંનું ઉત્પાદન થવાનો અંદાજ છે.

ગયા વર્ષે દેશમાં ૮૬.૮૭ મીલીયન ટન ઘઉંનું ઉત્પાદન થયું હતું.

.................

આણંદ જિલ્લામાં વાસદ-બોરસદ ચોકડી પાસે આજે બપોરે થયેલા એક માર્ગ અકસ્માતમાં ચાર જણાનાં મોત નીપજ્યાં છે, અને એક જણને ઈજા થઈ છે.

અમારા આણંદના પ્રતિનિધિના જણાવ્યા મુજબ આજે બપોરે વાસદ-બોરસદ ચોકડી નજીક એક મોટરકાર અને એક ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મોટરકારમાં મુસાફરી કરી રહેલા ચાર જણાનાં મોત થયાં છે, જ્યારે એક જણને ઈજા પહોંચી છે.

આ અકસ્માત અંગેની વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

.........................

રાજ્ય વિધાનસભાની આગામી ચૂંટણી માટે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત એક બેઠક અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે યોજાઈ ગઈ.

આ બેઠકમાં કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા વિવિધ સૂચનો કરવામાં આવ્યાં હતાં. કોંગ્રેસના પ્રદેશ ઉપપ્રમુખ શ્રી ગીરીશ પરમારે જણાવ્યું કે સને ૧૯૯૮થી ૨૦૦૯ સુધી થયેલી વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં લગભગ બે લાખ ૮૦ હજાર કર્મચારીઓ પોતાના વતનથી બહાર છે તેવા લોકોને મતદાનથી વંચિત રખાયા છે.

આ કર્મચારીઓ જ્યાં પણ પોતાની ફરજ બજાવતા હોય ત્યાં તેમના વિસ્તારની વિધાનસભા માટે મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ચૂંટણી પંચે કરવી જોઈએ.

તેના જવાબમાં ચૂંટણીપંચે જણાવ્યું કે ચૂંટણી પ્રક્રિયામાં ફરજ ઉપર રોકાયેલા તમામ કર્મચારીઓ મતદાન કરી શકશે અને કોઈપણ વ્યક્તિ મતદાનથી વંચિત નહીં રહે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

મતદાન યાદી સુધારણા માટે ચૂંટણી પંચે પહેલી જૂનથી ૧૮મી જૂન સુધીનો કાર્યક્રમ આપ્યો છે. રાજ્યનાં તમામ શહેર-જિલ્લા અને તાલુકા મથકોએ, જનસેવા

કેન્દ્રોમાં, મામલતદાર ઓફિસોમાં તેમજ ઓનલાઈન પણ મતદાતા નોંધણી કરી શકાશે.

.................

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે ગુજરાત મહિલા કોંગ્રેસના અગ્રણી કાર્યકર્તાઓની ત્રિ-દિવસીય ‘સંચેતના મહિલા સશક્તિકરણ શિબિર’ અમદાવાદ ખાતે યોજાઈ ગઈ.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અર્જુન મોઢવાડિયાએ તમામ બહેનોને ગુજરાતમાં મહિલા કોંગ્રેસનું સંગઠન બુથ લેવલ સુધી મજબુત બનાવવા આહવાન કર્યું હતું.

યુવક વિકાસ ટ્રસ્ટના શ્રી ગૌરાંગ જાનીએ દેશ અને ગુજરાતના સંદર્ભમાં પ્રવર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો હતો. તથા બહેનોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે શિબિરના સમાપન પ્રસંગે બહેનોના પ્રયત્નોને બિરદાવ્યા હતા.

.................

કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીએ પાટણ જીલ્લાના કાલેડા ગામે પશુ આરોગ્ય મેળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી સંઘાણીએ જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાત તો પશુપાલન પ્રવૃત્તિનું ધમધમતું કેન્દ્ર છે. તેમજ પશુપાલન પ્રવૃત્તિથી ખેડૂતોને પૂરક રોજગારી મળે છે.

શ્રી સંઘાણીએ આ પ્રસંગ દરમ્યાન પશુપાલન કીટ્સ, બાગાયત કીટ્સ અને ખેતીવાડી કીટ્સનું વિતરણ પણ કર્યું હતું.

.................

ઉત્તર ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેન્ક ફેડરેશન અને સહકાર ભારતી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે મહેસાણઆ ખાતે સહકારી શૈક્ષણિક પરિસંવાદ યોજાઈ ગયો.

ઉત્તર ગુજરાતની વિવિધ મંડળીઓના આગેવાનો અને પદાધિકારીઓ માટે યોજાયેલા આ પરિસંવાદમાં ગુજરાત રાજ્ય સહકારી બેન્કના અધ્યક્ષ શ્રી અજયભાઈ પટેલે જણાવ્યું હતું કે છેવાડાના માનવીના ઉત્કર્ષમાં મહત્વનો ભાગ ભજવતી સહકારી પ્રવૃત્તિ આજે ખૂબ જ મોટા પ્રમાણમાં ફૂલીફાલી છે. આ પ્રવૃત્તિને હજી પણ વધુ મજબૂત કેવી રીતે કરી શકાય તે માટે જરૂરી મંથન કરીને તે દિશામાં સતત પ્રયત્નશીલ રહેવા સહકારી અગ્રણીઓને અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ફેડરેશન દ્વારા અકસ્માત વિમા યોજના અંતર્ગત સંબંધીતોને ૪૫ લાખ રૂપિયાના ચેકો અર્પણ કરાયા હતા.

.................